૩૦૦૦ શેર માટે અરજી મળી અને ૨૪૦૦ શેર અરજીઓની પ્રમાણસર ધોરણે ફાળવણી કરવામાં આવી અરજી સાથે મળેલ વધારાની રકમનો ઉપયોગ મંજૂરીના હપતા વખતે કર્યો.

શ્રી વસન્ત કે જેના ૪૦ શેર મંજૂર કરવામાં આવ્યા હતા તે અરજીનાં નાણાં ભર્યા બાદ કોઈપણ રકમ ભરવામાં નિષ્ફળ જાય છે. શ્રીમતી ગ્રીષ્મા કે જે ૬૦ શેર ધરાવે છે તેણી બંને હપતાની રકમ ભરવામાં નિષ્ફળ જાય છે. જરૂરી આમનોંધ પસાર કરો.

પ્ર.૩

(અ) નાણાંકીય પત્રકો એટલે શું? નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ જણાવો. (૦૮)

(બ) નાણાંકીય પત્રકોની મર્યાદાઓ વર્ણવો. (૦૭)

**અથવા**

પ્ર.૩ નીચેના પર ટૂંકનોંધ લખો:

(૧) સામાન્ય માપનાં પત્રકો (૦૮)

(૨) નાણાંકીય પત્રકોનાં લક્ષણો (૦૭)

પ્ર.૪ ઈશિતા લિમિટેડનું તા. ૩૧મી માર્ચ ૨૦૧૬ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે: (૧૫)

| ઉધાર બાકીઓ | રૂ. | જમા બાકીઓ | રૂ. |
|---|---|---|---|
| બાકી હપતા | ૫૦૦૦ | ઈક્વિટી શેરમૂડી | ૩૦૦૦૦૦ |
| જમીન અને મકાન | ૧૫૦૦૦૦ | ઘાલખાધ અંગે જોગવાઈ | ૨૦૦૦ |
| યંત્રો | ૧૦૦૦૦૦ | લેણદારો | ૩૦૦૦૦ |
| આવક માલ ગાડાભાડું | ૫૪૦૦ | ૬%ના ડિબેન્ચર | ૨૫૦૦૦ |
| પગાર અને મજૂરી | ૪૦૦૦૦ | જીડીસ્વાર બોન્ડ્ઝ | ૨૦૦૦૦ |
| ફર્નિચર | ૩૦૦૦૦ | જામીનગીરી પ્રીમિયમ | ૩૦૦૦ |
| બેન્ક ચાર્જીસ | ૧૦૦ | પગાર ચૂકવવાનો બાકી | ૧૦૦૦ |
| કોલસો, ગેસ અને પાણી | ૧૦૦૦ | વટાવ | ૨૦૦૦ |
| ભાડું | ૬૦૦૦ | પરચુરણ આવક | ૫૦૦ |
| સામાન્ય ખર્ચાઓ | ૧૫૦૦૦ | વેચાણ | ૩૨૩૫૦૦ |
| દેવાદારો | ૮૨૦૦૦ | જાહેર થાપણો | ૨૦૦૦૦ |
| શરૂઆતનો સ્ટોક | ૫૫૦૦૦ | દેવી હૂંડી | ૫૦૦૦ |
| ૧૦%ના રોકાણો (૦૧-૧૦-૨૦૧૬) | ૩૦૦૦૦ | રોકાણો પર વ્યાજ | ૫૦૦ |
| બેન્કમાં રોકડ | ૫૦૦૦ | | |
| હાથ પર રોકડ | ૧૦૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ | ૩૦૦૦ | | |
| ખરીદી | ૨૫૦૦૦૦ | | |
| લેણી હૂંડી | ૧૦૦૦૦ | | |
| નફા-નુકશાન ખાતુ (૦૧-૦૪-૨૦૧૫) | ૧૦૦૦૦ | | |
| સ્ટોક એડવાન્સ | ૨૦૦૦ | | |
| | ૮૦૨૫૦૦ | | ૮૦૨૫૦૦ |

હવાલાઓ:

1. આખરનો સ્ટોક રૂ. ૯૦૦૦૦ હતો.
2. પ્રાથમિક ખર્ચના ૫૦% માંડી વાળવાના છે.
3. અનામત ભંડોળ ખાતે રૂ. ૧૦૦૦૦ લઈ જાઓ.
4. તા. ૨૫ માર્ચ ૨૦૧૬ના રોજ રૂ. ૨૦૦૦નો માલ આગથી બળી ગયો હતો, જેનો વીમો ઉતરાવેલ હતો. વીમા કંપનીએ રૂ. ૧૫૦૦ દાવો મંજૂર કરેલ છે.
5. કંપનીની સત્તાવાર મૂડી રૂ. ૫૦૦૦૦૦ની છે, જે રૂ. ૧૦નો એક એવા ૫૦૦૦૦ ઈક્વિટી શેરોમાં વહેંચાયેલી છે.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર અને નફા-નુકશાન ખાતુ અને તે જ તારીખનું કંપનીનું ૧૯૫૬ના કંપનીધારાના પરિશિષ્ટ-૬ મુજબનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪ કંપનીધારો ૧૯૫૬ના પરિશિષ્ટ-૬ના ભાગ-૧માં આપવામાં આવ્યા મુજબ આડા પાકા સરવૈયાનો નમૂનો તૈયાર કરો. (૧૫)

*****